# લેન્ડસ્કેપિંગ આર્કિટેકચર ક્ષેત્રે ભારતનું નામ રોશન કરતા ગાંધીનગરના અંકિતા ઠાકર

## વિશેષ મુલાકાત... અંકિતા ઠાકર



ગાંધીનગર

આજે સમગ્ર ભારત સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ અને વિશ્વ જયારે 'વર્લ્ડ ડૉટર ડે'ની ઉજવણી કરી રહ્યું હતું તે સમયે અમે વાત કરી રહ્યાં હતાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના વધારનાર ભારતીય દિકરી "અંકિતા ઠાકર" સાથે. "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી કાર્યરત રહ્યો" સ્વામિ વિવેકાનંદની આ વાતને સુશ્રી અંકિતા ઠાકરે ચરિતાર્થ કરીને "વર્લ્ડ ડૉટર ડે"ના દિવસને સાકાર કરેલ છે.











૩૨ વર્ષની યુવા વયે પરંતુ વિશાળ અનુભવના નિચોડ સાથે સુશ્રી અંકિતાએ "કેપિટલ ક્રાંતિ" સાથે વાત કરતાં જણાવેલ કે, ગાંધીનગરની ધરતીમાંથી પા-પા પગલી ભરતા - ભરતા આજે સ્વિટ્ઝર્લેન્ડમાં વ્યવસાય થકી વિશાળ ડગ માંડેલ છે. ગાંધીનગરની શાળામાં અભ્યાસ, અમદાવાદ સેપ્ટમાં આર્કિટેક્ચરના અભ્યાસ બાદ માસ્ટર ડિગ્રી માટે ETH યુનિવર્સિટી, ઝુરિચ, સ્વિટ્ઝર્લેન્ડમાં વિશેષ અભ્યાસ અર્થે એડમીશન મેળવ્યું. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાંથી ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા, જેમાં ૧ માત્ર ભારતીય વિદ્યાર્થી તરીકે અંકિતાની પસંદગી ગૌરવપૂર્ણ બની રહી.





સંઘર્ષનો સમય શરૂ હવે થઈ રહ્યો હતો - અભ્યાસ બાદ નોકરી માટે પ્રયત્નશીલ બનતાં તેણે અનુભવ્યું કે "ભારતીય હોવાને કારણે વર્ક પરમીટ મળવી મુશ્કેલ છે" - સુશ્રી અંકિતાએ આફતને અવસરમાં પલટીને નોકરીને બદલે વ્યવસાય કરવાનું નક્કી કર્યું. વિદેશના કાયદા, ભાષાની મુશ્કેલી વચ્ચે અગણિત સંઘર્ષ બાદ જન્મ થયો "Purple Peepal" કંપનીનો. પોતાની આગવી સુઝ અને મહેનતને કારણે અંકિતા ઠાકરે ધીમે - ધીમે આ કંપનીને ભારતમાં પણ કાર્યરત કરી. "Purple Peepal" દ્વારા અનેક મહત્વના મોટા પ્રોજેક્ટો ઉપર સફળતાપૂર્વક કામ કર્યું જેમાં પ્રમુખ કહી શકાય તેવા પ્રોજેક્ટો વિશે અંકિતાએ જણાવ્યું કે સ્વિટ્ઝર્લેન્ડની સુવિખ્યાસ ચોકલેટની કંપની Lindt & Sprünglinું મ્યુઝિયમ, ફોક્સ વેગનના ઓટો પાર્કના ડિઝાઈનની સાથે સાથે ભારતના પ્રખ્યાત ઔદ્યોગિક ગૃહ ગોદરેજના પરિવારના દિકરી તાન્યા દુબાશના ગાર્ડનની ડિઝાઈન સહિત અનેક મહત્વના પ્રોજેક્ટો સાથે ઉચ્ચ વિઝન સાથે આજે પણ આગળ વધી રહ્યાં છે. સુશ્રી અંકિતા ઠાકર અને તેમની કંપનીને વિશ્વની નામાંકિત કંપનીઓની હરોળમાં સ્થાન પામવાનું સ્વપ્ન ધરાવે છે.

માત્ર વ્યવસાયિક ક્ષેત્રે સફળ થઈને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવી તે સુશ્રી અંકિતા ઠાકરનો ધ્યેય ન હતો, તેણે તો કંઈક વિશિષ્ટ કરવું હતું અને તેથી તેની પસંદગી કરવામાં આવી ઝુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ)ની ભારતીય લોકો માટે કાર્યરત અગ્રણી સંસ્થા Indian Association of Greater Zurich (IAGZ)ના પ્રમુખ પદે. IAGZને પોતાના પ્રમુખના કાર્યભાર દરમ્યાન અનેક વિશિષ્ટ કાર્યક્રમો થકી ગૌરવપૂર્ણ ગરિમા અપાવી. આ સંસ્થા દ્વારા તહેવારો ઉજવણી સહિત ઝુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ) અને ભારતીય દૂતાવાસ અને ભારતીય પ્રજા વચ્ચે જોડતી કડીરૂપ સંસ્થા તરીકે કાર્ય કર્યું. આ સંસ્થા દ્વારા ઉજવવામાં આવતા કાર્યક્રમોમાં અવાર-નવાર ઝુરિચ - સ્વિટ્ઝર્લેન્ડના અગ્રણી રાજનેતાઓ, સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત લેતા ભારતના રાજનેતાઓ સહિત દૂતાવાસના અનેક મહત્વના અધિકારીઓ ઉપસ્થિત રહેતા.

ભારતીય સમુદાયની બનેલી આ સંસ્થામાં ભારતીય તહેવારોની ઉજવણી, ભારતના સાંસ્કૃતિક વારસાનું જતનની સાથે સાથે સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય સમુદાયને પડી રહેવી અનેક મુશ્કેલીઓ જેવી કે વિઝા, ભાષા, નિવાસ, વ્યવસાય જેવા અનેક પ્રશ્નો પરત્વે મહત્વનું યોગદાન આપ્યું જેના પરિણામ સ્વરૂપ આ સંસ્થાના બંધારણમાં માત્ર એક વર્ષ માટે જ કોઈ એક વ્યક્તિ પ્રમુખ પદે રહી શકે તેવી જોગવાઈ હોવા છતાં સતત બીજા વર્ષે પણ સુશ્રી અંકિતા ઠાકરને પ્રમુખ પદ અપાયું એટલું જ નહીં પણ ત્રીજા વર્ષે પણ આ સ્થાન જાળવી રાખવા જણાવાયું, પરંતુ અંકિતાએ આદર સાથે દરેક કાર્યમાં આજે પણ સહયોગ આપી રહ્યા છે.

ભારતમાં ખૂબ જ ટેલેન્ટ હોવા છતાં પણ રાષ્ટ્ર ભાવનાનો અભાવ હોવાથી સફળતા મેળવવામાં તકલીફ પડે છે તેમ

### ભારતના હાર્ડ વર્કમાં રાષ્ટ્રભાવના મળી જાય તો ભારતના વિકાસને કોઈ રોકી નહીં શકે : અંકિતા

જણાવતાં અંકિતા ઠાકરે જણાવ્યું કે ઝુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ)માં સનફલાવરના પાર્ક પાસે બોક્ષ મૂકવામાં આવે છે, જે કોઈ વ્યક્તિને સનફલાવર જોઈતું હોય તે તોડીને લઈ લે અને તેના પૈસા બોક્ષમાં જમા કરાવે. જયારે પણ બોક્ષ ખોલવામાં આવે ત્યારે જે સનફલાવર ઓછા થયાં હોય તેટલા જ પૈસા બોક્ષમાં જમા થયા હોય છે. આમ તેઓની દરેક ક્ષેત્રમાં રાષ્ટ્ર પ્રત્યેની પ્રામાણિકતાને પરિણામે તેઓ સફળ થઈ શક્યા છે. જો ભારતીય નાગરિકોની કાર્યક્ષમતામાં આ પાસું પણ જોડાય તો ભારત ખૂબ જ આગળ વધી શકે છે તેમ તેમનું સ્પષ્ટ માનવું છે.

સુશ્રી અંકિતા ઠાકરને અભ્યાસ અને વ્યવસાયમાં અનેકવિધ એવોર્ડથી સન્માનવામાં આવેલ છે. જેમાં વિશ્વની ૧૫ શ્રેષ્ઠ યુનિવર્સિટીની સ્પર્ધામાં Swiss Federal Institute of Technology, ETH Zurichમાંથી "Best of MAS LA ETH Student Project"નો ખિતાબ પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત યુવા પ્રવાસી ભારતીય દિવસમાં પણ વિશિષ્ટ આમંત્રિત કરવામાં આવ્યાં.

સુશ્રી અંકિતાના પિતા વ્યવસાયે વકીલ પિયુષ ઠાકર અને બાળકો માટે કોચીંગ કલાસ ધરાવતા માતા સંગીતા ઠાકર તેમજ નાની બહેનને પોતાની સફળતાનો શ્રેય આપે છે. માતા - પિતા દ્વારા તેનામાં મૂકેલ ભરોસો અને અભ્યાસ - વ્યવસાય ક્ષેત્રે મૂકવામાં આવેલ વિશ્વાસના પરિણામે આજે તે આ સ્થાને પહોંચી શકી છે. ખાસ કરીને માતા દ્વારા પ્રત્યેક ક્ષણે તેને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. અંકિતા એ ચહેરા ઉપર નિખાલસ હાસ્ય સાથે કહ્યું કે "મને હંમેશા સારા લોકો મળ્યા છે" જે મને સફળ થવા પ્રેરણા આપતા રહ્યાં છે.

આર્કીટેક્ના વિદ્યાર્થીઓને યુવા વ્યવસાયકારો માટે સંદેશ આપતાં સુશ્રી અંકિતા ઠાકરે જણાવ્યું કે હરહંમેશ પોતાનો ધ્યેય સ્પષ્ટ રાખીને તેને સફળ બનાવવા સખત મહેનત કરતા રહો. શક્ય છે ક્યાંય મુશ્કેલીઓ આવશે પરંતુ અંતે સફળતા મળશે જ તેવું તેમનું સ્પષ્ટ માનવું છે.

વિદેશમાં વ્યવસાયની સાથે સાથે ભારતમાં પણ પોતાની કંપની શરૂ કરીને વતન પ્રત્યે પોતાનું ઋણ અદા કરવાના સંકલ્પ સાથે આગામી સમયમાં સ્વિટ્ઝર્લેન્ડમાં છ મહિના અને ભારતમાં છ મહિના રહીને કામ કરવા પ્રયત્નશીલ રહેશે તેવું પણ તેમણે જણાવેલ.

માત્ર વ્યવસાયિક અભિગમ જ નહીં પરંતુ સમાજને મદદ કરવાની ભાવના સદૈવ અંકિતા ઠાકરનું જમા પાસું રહેલ છે. આજે પણ તેઓના વ્યવસાયનું કોઈપણ જગ્યાએ કામ ચાલતું હોય ત્યાં કામ કરતાં કારીગરો અને તેમના બાળકોને મદદ કરી રહ્યાં છે. કોઈ પણ સાઈડ ઉપર અડચણરૂપ ઝાડને કાપવાને બદલે મૂળમાંથી જ કાઢીને સ્વયં પોતાના ખર્ચે અન્ય જગ્યાએ સ્થાપિત કરીને પ્રકૃતિ પ્રત્યેનો સ્નેહ પણ વ્યક્ત કરે છે.

*સ્ટેચ્યુ ઓફ યુનિટિ બાદ દક્ષિણ ગુજરાતમાં વધુ એક પ્રવાસન સ્થળ બનશે દાંડી*

# ગાંધીજીની પ્રતિમાનું લોકાર્પણ કરવા પીએમ મોદી ૩૦ જાન્યુ.એ ગુજરાત આવશે

## મ્યુઝિયમ માટે વિદેશથી સ્મૃતિ મંગાવી, ગાંધીજી સહિત ૮૦ સ્વાતંત્ર્ય સેનાનીઓની પુર્ણ કદની પ્રતિમા તૈયાર

(જી.એન.એસ.)નવસારી

સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિ બનાવ્યા બાદ સરકાર દ્વારા ઐતિહાસિક દાંડી ખાતે દાંડી સ્મૃતિ યાત્રા પ્રોજેક્ટનું લોકાપર્ણ માટે તૈયરી થઈ રહી છે. આગામી ૩૦ જાન્યુઆરીના રોજ વડા પ્રધાનનો દક્ષિણ ગુજરાતનો સંભવિત પ્રવાસ હોવાથી આ પ્રોજેકટ વડા પ્રધાનના હસ્તે ખુલ્લો મુકાય તે માટે કવાયત શરૃ થઈ ગઈ છે. દાંડી ખાતે બનાવાયેલા આ પ્રોજેક્ટમાં ગાંધીજી સાથે દાડી યાત્રામાં જોડાયેલા ૮૦ સ્વાતંત્ર્ય સેનાનીના પુર્ણ કદની પ્રતિમા બનાવી દેવામાં આવી છે.

નવસારી નજીક આવેલા ઐતિહાસિક દાંડી માટે હેરીટેજ રોડ સહિત અનેક જાહેરાત કરવામાં આવી હતી પણ દાંડીને ઐતિહાસિક સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ મોટુ આયોજન થયું ન હતું. જોકે, હાલમાં દાંડી ખાતે ૧૬ એકરની જગ્યામાં દાંડી યાત્રા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ૩૦ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખુલ્લો મુકવામા આવે તેવી કવાયત થઈ રહી છે.

નવસારીના સાંસદ સી.આર.પાટીલે કહ્યું હતું કે, દાંડી ખાતે ૧૬ એકરમાં બનાવેલા આ પ્રોજેકટમાં ગાંધીજી સાથે દાડી યાત્રામાં જોડાયેલા ૮૦ સ્વાતંત્ર્ય સેનાનીની પુર્ણ કદની પ્રતિમા બનાવવાનું મુશ્કેલ કામ પુરૃ ક રી દેવાયું છે. આ ઉપરાતં આ જગ્યાએ લાઈટ માટે ૪૨ સોલાર ટ્રી બનાવવામાં આવ્યા છે તેમાંથી જ આખા પ્રોજેક્ટની લાઈટ પુરી પાડવામાં આવશે. તેઓએ વધુમાં કહ્યું હતું, આ જગ્યા એ છ લાખ લીટર પાણીનું તળાવ છે અને ચાર લાખ લીટર પાણીની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ બનાવી છે. આથી કેન્દ્ર સરકાર દ્વારા આ ઐતિહાસિક સ્થળ દાંડી ખાતે મહાત્મા ગાંધીજીનું સ્મરણ જળવાઈ રહે તે માટે સ્થળને વિકસાવવાનો નિર્ણય કરાયો છે. જેના ભાગરૂપે નવસારીથી લગભગ ૨૦ કિલોમીટર દૂર દાંડી ખાતે કેન્દ્ર સરકારે ૭૨ કરોડથી વધુના ખર્ચે અહીં મહાત્મા ગાંધીની પ્રતિમાનું તળાવ અને ગાંધીજીના આબેહૂબ ચિત્ર સાથેની વિશાળ ગેલેરી બનાવી છે.

આ જગ્યાએ મોટી જયોત કાયમી પ્રગટે તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેવી રીતે સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિ બનાવાયું છે તેવી જ રીતે દાંડીના ઐતિહાસિક સ્થળે બનાવવામાં આવેલી આ સ્મૃતિ ગુજરાત કે ભારત જ નહીં પરંતુ વિદેશના પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું સ્થાન બની રહે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ઇ લાયબ્રેરીમાં હવેથી પુસ્તકો ફોન પર ફ્રીમાં વાંચવા મળશે : ૫૦ હજારથી વધારે પુસ્તકો વાંચવા મળશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા સ્માર્ટસિટી મિશન હેઠળ શહેરીજનોને વધુમાં વધુ ક્ષેત્રમાં સ્માર્ટ સેવા પૂરી પાડવા વિભિન્ન પ્રોજેકટનું અમલીકરણ કરાયું છે અને કેટલાક પ્રોજેકટ અમલીકરણની દિશામાં આગળ ધપી રહ્યા છે, જેમાં ઇ-સ્માર્ટ લાઇબ્રેરી પ્રોજેકટનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેકટ હેઠળ આગામી એક મહિનામાં અમદાવાદીઓને ૫૦,૦૦૦થી વધુ ઇ-બુક મોબાઇલ પર આંગળીના ટેરવે વાંચવા મળે તેવી શકયતા છે. આગામી દિવસોમાં એમ.જે. લાઇબ્રેરી તેમજ તેના શાખા પુસ્તકાલય તેમજ શહેરની અન્ય આર્ટ લાઇબ્રેરી સહિતની લાઇબ્રેરીના સભ્યોને ૫૦,૦૦૦થી વધુ પુસ્તકો ઇ-બુકના સ્વરૂપે મોબાઇલ એપના માધ્યમથી મફતમાં વાંચવાનો લહાવો મળશે. આમ તો તંત્રે એક લાખ ઇ-બુકનો સમાવેશ કરવાની બાબતને ટેન્ડરમાં મહત્ત્વ આપ્યું છે. સ્માર્ટ સિટી મિશનના ઇ-સ્માર્ટ લાઇબ્રેરી પ્રોજેક્ટ હેઠળ ધર્મ, વિજ્ઞાન, ટેકનોલોજી, રમતગમત, ઇતિહાસ, આરોગ્ય અને બાળ સાહિત્યને લગતી ૫૦,૦૦૦ ઇ-બુક, ૨૦૦ જેટલી ઓડિયો બુક, ૫,૦૦૦ શૈક્ષણિક વીડિયો, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય વિષયો પરના રિસર્ચ પેપર્સ, મેડિકલ જર્નલનો સમાવેશ ધરાવતા ૨૦,૦૦૦ આર્ટિકલ વગેરેને ઇ-સ્માર્ટ લાઇબ્રેરી હેઠળ આવરી લેવાશે. એમ.જે. લાઇબ્રેરીને પણ સ્માર્ટ લાઇબ્રેરી તરીકે વિકસિત કરવાના ભાગરૂપે કિ-ઓસ્ક મશીન વસાવાશે. શાખા પુસ્તકાલયોને વાઇ-ફાઇની સુવિધા અપાશે. તંત્ર દ્વારા ખાસ લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમને અપનાવાશે. જે માટે વિશેષ પ્રકારનું સોફટવેર તૈયાર કરાશે, જેના આધારે લાઇબ્રેરીના સભ્યોને આજની સ્થિતિએ લાઇબ્રેરીમાં કેટલી બુક છે, કેટલી બુક અન્ય સભ્યોને વાંચન હેતુ અપાઇ છે. નિશ્ચિત સમયમર્યાદાની

## એમજે લાઇબ્રેરી સહિત લાઇબ્રેરી અને મ્યુનિ. શાળાઓમાં તબક્કાવાર ૧૦૦ ઇન્ફર્મેશન કિઓસ્ક મૂકવા માટે તૈયારી

અંદર તે બુક છે કે પછી વધારે સમયથી વાંચવામાં છે વગેરે બાબતોની જાણકારી મળી રહેશે. મ્યુનિસિપલ લાઇબ્રેરીઓની બુક માટે બારકોડ અપનાવાશે, જેના કારણે સભ્યોને બુક સંબંધિત માહિતી આંગળીના ટેરવે રહેશે. સત્તાવાળાઓએ એમ.જે.લાઇબ્રેરી સહિતની લાઇબ્રેરી તેમજ મ્યુનિસિપલ શાળાઓમાં એક અંદાજ પ્રમાણે ૧૦૦ ઇન્ફર્મેશન કિઓસ્ક મૂકવાની વિચારણાા હાથ ધરી છે, પરંતુ પ્રાથમિક તબક્કે ૧૦થી ૨૦ કિઓસ્ક મુકાશે. એમ.જે. લાઇબ્રેરીની વેબસાઇટ પર મહાત્મા ગાંધી દ્વારા ભેટ અપાયેલા ૩૫૦૦ પુસ્તકોનું ડિજિટલાઇઝેશન કરીને નાગરિકો માટે ઓનલાઇન મુકાયા છે, પરંતુ ઇ-સ્માર્ટ લાઇબ્રેરી પ્રોજેકટ હેઠળ આ પુસ્તકો પણ મુકાશે. એમ.જે. લાઇબ્રેરીમાં સભ્ય ફી માટે ઇ-પેમેન્ટની સુવિધા તેમજ વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરીને તેનું સ્વમૂલ્યાંકન કરી શકે તે માટે કોમ્પ્યુટર લેબ ઊભી કરાશે દરમિયાન સ્માર્ટ સિટી પ્રોજેકટનો હવાલો સંભાળતા ડેપ્યુટી મ્યુ. કમિશનર રાકેશ શંકરે ઇ-સ્માર્ટ લાઇબ્રેરી પ્રોજેકટ અંગે જણાવ્યું કે, આ પ્રોજેકટ હેઠળ વધુને વધુ સંખ્યામાં ઇ-બુકસનો સમાવેશ કરવાનો તંત્રનો પ્રયાસ રહેશે. જે માટેના ટેન્ડર નીકળી ચૂકયાં હોઇ એક મહિનામાં નાગરિકોને પોતાના મોબાઇલ પર ઇ-બુકસ વાંચવાનો લહાવો મળે તે દિશામાં તંત્રે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચૂંટણી પંચની કમિટીએ આદર્શ આચાર સંહિતામાં સંશોધન કરવાની ભલામણ કરી

ચૂંટણી પંચની કમિટીએ આદર્શ આચાર સહિતામાં સંશોધન કરવાની ભલામણ કરી છે. આ ભલામણ મુજબ કોઈપણ રાજકીય પાર્ટીએ ચૂંટણીના ૭૨ કલાક પહેલા ચૂંટણી ઢંઢેરો જાહેર કરવાનો રહેશે. આ પ્રકારનો રિપોર્ટ ચૂંટણી પંચના મુખ્ય અધિકારી સુનીલ અરોરા અને અશોક લવાસાને સોંપવામાં આવ્યો છે. વર્તમાનમાં ઘોષણાપત્રને લઈને કોઈપણ પ્રકારની સમય મર્યાદા નથી. ૨૦૧૪માં ભાજપે પ્રથમ તબક્કાના મતદાનના દિવસે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. જે અંગેની ફરિયાદ કોંગ્રેસે ચૂંટણી પંચમાં કરી હતી. પરંતુ ચૂંટણી પંચમાં ચૂંટણી ઢંઢેરાને લગતો કોઈપણ પ્રકારનો કાયદો નથી.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : PARTH M. THAKKAR, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, PLOT NO. 704/B/2, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED FROM : BLOCK NO. 32/4, GH TYPE, SECTOR-28, GANDHINAGAR [GUJARAT]-382 028.